# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

રોકાવ્યા છે પૈસા ચૂંટણીમાં ઓકાવશે તો ખરા!
બેન્કો મારફતે લોન લઇ ચોંકાવશે તો ખરા!
પોકરાવશે 'તોબા', વેપારી છે સબ બંદર કા -
આ અદાણી છે, 'અદા' કહીને ઝૂકાવશે તો ખરા!
(બેન્કને કરોડોની લોન આપવી પડી!!)

## હાઈકુ

આવ્યા છે મોદી,
ભારત મુલાકાતે -
થોડા દિવસ..
(નેપાળ માટે બેગ ભરાય છે)

ઉખેડી નાખો!
હવે કાશ્મીર માંથી -
'અબ્દુલા' વંશ..
(દિલ્હીની જેમ)

## ચિંતન

**શિરસિ નિહિતો અપિ નિત્યં યત્ના દપિ સેવિતો બહુ સ્નેહૈઃ ।**
**તરુણી કચ ઇવ નીચાઃ કૌટિલ્યં નૈવ વિજહાતિ ॥**

'જેવી રીતે સુંદર સ્ત્રી પોતાના વાળને ખૂબ સારી રીતે તેલ (સ્નેહ) આપીને મસ્તક પર ધારણ કરે છે તો પણ તે વાંકા ને વાંકા જ રહે છે તેમ દુર્જન લોકોને પણ ખૂબ સ્નેહ (તેલ) આપીને માથે ચઢાવો તો પણ એ પોતાનો સ્વભાવ છોડતા નથી, વાંકા ને વાંકા જ ચાલે છે.'

દુષ્ટ-દુર્જન માણસ વહેમ-શંકા અને કારણ વિનાાના કંકાસમાં રાચનારા હોય છે ભૂલવું ક્ષમા આપવી તે તદ્દન સરળ પ્રસંગમાંથી પણ આનંદ શોધી કાઢી જીવનની મજા માણવી એ એમના સ્વભાવમાં તો નથી પણ એવી સમજ કેળવવી એ એમનાં મર્યાદાની બહાર છે.

આવા દુષ્ટો પ્રત્યે સ્નેહ-વિનય-વિવેક કે બૂરાઇને બદલે ભલાઇ ઇચ્છો તો પણ એમના વિચાર કે આચારમાં કોઇ જ ફર્ક પડતો નથી એમની આંખમાં વેર ને હૃદયમાં ઝેર જ હોય છે (કોઇ કારણ વિના) એ એમની વિશિષ્ઠતા.

## સુવિચાર

- અપને અંદર સે અહંકાર કો નિકાલ કર સ્વયં કો હલકા કિજીએ... ક્યોં કિ ઊંચા વહી ઉઠતા હૈ જો હલકા હોતા હૈ - ડો. રાહી
- 'પતન' એટલે પોતાની જાતને છેતરવામાં મળેલી સફળતા... 'જાગૃતિ' એટલે પોતાની જાતને છેતરવામાં મળેલી નિષ્ફળતા - જનકલ્યાણ
- તમે જે વિચારો, તમે જે કહો અને તમે જે કરો તેમાં જયારે સંવાદિતા હોય ત્યારે જ સર્જાય તેનું નામ 'સુખ' - ગાંધીજી
- જયારે જયારે તમને સમજાય કે તમે બહુમતી ને પક્ષે છો ત્યારે માનવું કે તમારે સુધરવાનો સમય પાકી ગયો છે - માર્ક ટ્વેઇન
- સામાજિક ન્યાય વિનાનો કેવળ કોર્ટનો ન્યાય એટલે સોનાનું ગિલેટ ચડાવેલો રૂપાળો અન્યાય - એસ. ભટ્ટાચાર્ય
- માનવીના જીવનનાં મૂલ્યો એના ઓશીકા નીચે જ પડ્યા છે, જેને મેળવવા માટે ઓરડા જેવી આખી દુનિયામાં ફાંફાં મારે છે, પરંતુ ખુદના તકિયાને તપાસતો નથી - હરિન્દ્ર દવે
- સત્સંગની કુખેથી વિવેકનો જન્મ હશે, જે પરિવારનો મોભી વિવેકી હશે તે પરિવાર સો ટકા પ્રસન્ન થશે - ધર્મપુત્ર

- (સંકલન : દીપક વી. આસરા)

## બોધ કથા

ઘરમાં અનેક કપડાં, બૂટ, સાડીઓ, ડેકોરેટીવ વસ્તુઓ પડી હોય જે કંઇ જ કામમાં ન આવતી હોય આમ છતાં કેટલાંય લોકોનો જીવ એની જેને જરૂર હોય તેમને આપી દેવાનો જીવ ચાલતો નથી અને ખાલી ખોટી ઘરમાં ભેગી કર્યા કરે એમાં પણ 'મફત' જે કંઇ મળતું હોય ભલે ને તદ્દન આપણને નકામું હોય છતાં ઘરના ગોડાઉનમાં અચૂક ઉમેરો કરીએ છીએ.

આજના જમાનામાં વેપારીઓ તકવાદી વસ્તુને પણ એવી આકર્ષક બનાવતા હોય છે જેની 'આંખ' આવું સૌંદર્ય જોઇ તરત લપસી જતી હોય એ તો 'નકામી' બીન જરૂરી વસ્તુ પણ ખરીદ કરી જ લે.

સોક્રેટીસ તેમના અનુયાયીઓ સાથે એકવાર બજારમાં નિકળ્યા - વસ્તુઓ જોઇ જોઇ સોક્રેટીસ કોઇના આકાર કોઇના રંગના વખાણ કરતા હતા.

અનુયાયીને એમ કે ગુરુજીને આ વસ્તુ ગમી, એટલે પૂછે ખરીદી લઇએ?

સોક્રેટીસ કહે વસ્તુ, વસ્તુની રીતે સારી છે પણ મને એ જરા પણ ખપતી ન હોય તો ખરીદવી શા માટે?

- પણ તમે તો વખાણ કરતા હતા ને? શિષ્યએ કહ્યું, સોક્રેટીસ કહે, એમ તો મારો વૈદ્ય અકસીર, કડવી-ઝેર, દવાઓ બનાવે છે તો એ શું ખરીદવી? જેને જરૂર હોય એણે જ ખરીદવી જોઇએ, દવા સારી હોય તો પણ શું?

Email - sureshchandrabhatt18@gmail.com

# દક્ષિણ આફ્રિકાની કેટલીક મોટી ખબરો

## સ્મરણયાત્રા
### (દક્ષિણ આફ્રિકાના પ્રવાસ આધારિત સ્મરણયાત્રા)

- સંકલન : નટુભાઇ પરમાર

અખબારોમાં રોજબરોજ બધા વિષયો પર ઘણું બધું આવતું હોય છે - દેશ હોય કે વિદેશ. હમણાં પંદરેક દિવસ મારે જોહાનિસબર્ગ (દ. આફ્રિકા) રોકાવાનું બન્યું. અહીંની ટેવને કારણે ત્યાં પણ રોજ ખરીદીને અખબારો વાંચતો હતો. હું ત્યાં ૧૧/૯/૧૪ થી ૨૬/૯/૧૪ સુધી રોકાયો. તે દરમિયાન અહીં ચીનના વડાપ્રધાન જિનપિંગ, અમદાવાદ (ગુજરાત - ભારત) ની મુલાકાતે આવેલા તે સમાચાર તથા ભારતે મંગળયાન છોડ્યું તેવા સમાચારો અખબારોના એકાદ ખૂણે ચમકેલા જોયાં. સાથે એ ય સમાચાર વાંચ્યા કે ભારતીયો દ. આફ્રિકામાં જે ડ્રગ્સ - દવાઓ મોકલે છે, તેમાં ભેળસેળ હોય છે! ખેર, આ દ. આફ્રિકાના સમાચાર પત્રો માટેના નાના સમાચાર હતા. કિન્તુ મારે વાત કરવાની છે, દ. આફ્રિકાના સમાચારપત્રોમાં આ દિવસો દરમિયાન ચમકેલા કેટલાક મોટા સમાચારો પૈકીના ચાર-પાંચની કે જેમાં આપણનેય રસ પડે તેમ છે.

**● દલાઈ લામાને દક્ષિણ આફ્રિકા આવવાની ના !**

દ. આફ્રિકાના કેપટાઉન ખાતે ઓક્ટોબરમાં મળનારી, વિશ્વના ૧૪ નોબેલ પારિતોષિક વિજેતાઓની ૧૪મી વિશ્વસ્તરીય બેઠકમાં, એક નોબેલ પારિતોષિક વિજેતા - ચીન સામે બાંયો ચઢાવી બેઠેલા, બૌદ્ધો અને વિશેષ ખરીને તિબેટીયનોના ધાર્મિક નેતા દલાઈ લામાને પણ આવવાનું હતું. પરંતુ દક્ષિણ આફ્રિકાની આફ્રિકન નેશનલ કોંગ્રેસ (જેના રાષ્ટ્રપ્રમુખ એક સમયે નેલ્સન મંડેલા પણ રહ્યા હતા) ના હાલના રાષ્ટ્રપ્રમુખ જેકોબ ઝુમાની આગેવાની હેઠળની સરકારે દલાઈ લામાને 'વિઝા' આપવાની ના કહી, તેવા સમાચાર આ દિવસો દરમિયાન અહીંના અખબારોમાં ચમક્તા રહ્યા.

દ. આફ્રિકન સરકારે પાછલા પાંચ વર્ષમાં દલાઈ લામાને આ ત્રીજીવાર, દ. આફ્રિકા પ્રવેશની પાબંદી ફરમાવી હોય, અહીંના બૌદ્ધિકોએ અને અખબારોએ એનો ભારે વિરોધ કર્યો અને કહ્યું કે દ. આફ્રિકન સરકાર ચીનના ઈશારે ચાલે છે, ચીનના પ્રમુખની પગચંપી કરે છે, વગેરે... વગેરે...

ઘણો ઉહાપોહ થયો એટલે ઓફિશ્યલી દ. આફ્રિકન સરકારે એનો ખુલાસો કરવો પડ્યો. આ ખુલાસામાં એમ કહેવાયું કે, દલાઈ લામા, તિબેટના ચીનથી અલગ અને સ્વતંત્ર અસ્તિત્વના મુદ્દા સાથે અહીં આવી રહ્યા હોઈ, તેમને દ. આફ્રિકામાં પ્રવેશવા દેવાનું સરકારને ઠીક નથી લાગતું.

અખબારોએ સરકારની આ દલીલ સામે પણ આકરી પ્રતિક્રિયા આપી અને લખ્યું : 'દલાઈ લામા અગાઉ પણ દ. આફ્રિકામાં ૧૯૯૬, ૧૯૯૯ અને ૨૦૦૪માં ત્રણેક વાર આવી ચૂક્યા છે અને અહીં આવીને એમણે તિબેટનો મુદ્દો ચર્ચ્યો નથી. હકીકતમાં દલાઈ લામા આજે વિશ્વમાં માનવ અધિકારો અને માનવીય મૂલ્યોની જાળવણી માટેની લડતના પણ જાણીતા આગેવાન છે. દ. આફ્રિકન સરકારનો ભય સાવ ખોટો છે - આધાર વિનાનો છે.'

દલાઈ લામાને દ. આફ્રિકામાં પ્રવેશબંધીના મુદ્દાને અખબારોની સાથે એમના કટાક્ષ ચિત્રકારોએ પણ બરાબર પકડ્યો ! એક કાર્ટુનિસ્ટે દ. આફ્રિકાના પ્રેસિડેન્ટ જેકોબ ઝુમાને જમીન પર બેસી, ખુરશીમાં આરામ અને રૂઆબથી બેઠેલા ચીનના વડાપ્રધાન જિનપિંગના બુટને ચાટતા બતાવ્યા છે અને ઘૂંટણીયે પડેલા ઝુમાને થતી વાછૂટથી, દ. આફ્રિકા આવવા ઈચ્છુક દલાઈ લામા, પાછા ફેંકાઈ રહ્યા હોય તેવું કટાક્ષચિત્ર આપ્યું છે !

અન્ય એક કટાક્ષચિત્રમાં, સ્વતંત્ર રાષ્ટ્ર બોસ્ટાવાના જંગલથી ભાગીને સરહદ ઓળંગી, દ. આફ્રિકાના વિસ્તાર લિમ્પોપોમાં ઘૂસી ગયેલા આફ્રિકન સિંહને, દ. આફ્રિકાના વન વિભાગે ઠાર માર્યો તે સમાચારને કટાક્ષચિત્રમાં વણી, સિંહના મૃતદેહને દ. આફ્રિકાની સરહદની પેલે પારથી જોઈ રહેલા દલાઈ લામાને એમ વિચારતા દર્શાવાયા છે, કે પરમીશન (વિઝા) વિના પ્રવેશનારાને જો આવી મોતની સજા મળતી હોય તો તેઓએ દ. આફ્રિકા આવવાનું માંડી વાળવું પડશે !

દ. આફ્રિકા દ્વારા આમ દલાઈ લામાને પ્રવેશબંધી ફરમાવાતા વિશ્વના ૧૪ (ચૌદ) જેટલા નોબેલ પારીતોષિક વિજેતાઓએ દ. આફ્રિકાના રાષ્ટ્ર પ્રમુખને પત્ર લખી, દલાઈ લામાને ટુરિસ્ટ વિઝા આપવા વિનંતી કરી અને લખ્યું કે, આ નિર્ણયથી આંતરરાષ્ટ્રીય સ્તરે દ. આફ્રિકાની પ્રતિભા ખરડાશે, તેનાથી પણ અમે ચિંતિત છીએ.

અંતે દ. આફ્રિકા સરકારે જાહેર કર્યું કે દલાઈ લામા પ્રકરણ તેમની સરકાર માટે પૂર્ણ થઈ ચૂક્યું છે, ત્યારે જોડી વિલયમ (અમેરિકા), શિરિન એબેદી (ઈરાન), લિમાહ જીબોવી (લિબેરિયા) અને અન્ય એક મળી ચાર વિજેતાઓએ, દ. આફ્રિકાના આ નિર્ણયના વિરોધમાં- નિમંત્રણ અને વિઝા મળ્યા હોવા છતાં - તેઓ આ વિશ્વ પરિષદમાં હાજર રહે નહિ તેમ દ. આફ્રિકન સરકારને જણાવી દીધું.

(નેટ પરથી મેળવેલ તાજા ખબર અનુસાર દ. આફ્રિકાના જક્કી વલણથી નારાજ થઈ, નોબેલ પ્રાઈસ વિજેતા જોડી વિલિયમે (અમેરિકા) જાહેરાત કરી છે કે, દ. આફ્રિકામાં મળનાર એ બેઠક હવે રદ કરવામાં આવી છે.)

**● જ્યારે હાઈકોર્ટ જજને પણ પોલીસ રક્ષણ અપાયું**

દ. આફ્રિકાના પ્રિટોરિયા સ્થિત જાણીતા રમતવીર ઓસ્કાર પ્રિસ્ટોરિયસ દ્વારા તેની પ્રેમિકા રિવા સ્ટીનકેમ્પને વેલેન્ટાઈન ડેના દિવસે ચાર ગોળીઓ છોડી ઠાર મારવાની ઘટનાના કેસમાં, 'એ હત્યા નહિ પણ અજાણતા થયેલ હત્યા ગણી, પૂરતા પુરાવાના અભાવે ઓસ્કાર સામે હત્યાનો ગુનો બનતો નથી', તેવા પ્રિટોરિયા હાઈકોર્ટના ન્યાયાધીશ સુશ્રી થોકોઝીલે મસિપાના ચૂકાદાની આફ્રિકામાં ભારે ચર્ચા થઈ. અહીંના અખબારોએ એને પાછલા ૧૪ વર્ષમાં દ. આફ્રિકાના ન્યાયતંત્રનો આ સૌથી મોટો - હાઈપ્રોફાઈલ ખટલો કહ્યો. આ ચૂકાદો શરૂઆતથી જ હાઈકોર્ટ પ્રિમાઈસમાંથી ત્યાંના ટેલિવિઝન નેટવર્ક પર લાઈવ પ્રસારિત થઈ રહ્યો હતો, તેથી સામાન્ય પ્રજાજનો પણ એનાથી ભારે ઉત્તેજિત હતા.

દ. આફ્રિકામાં લોકોની એવી ગેરમાન્યતા છે કે, મોટા ગુના કરનારાઓ બધા દ. આફ્રિકન બ્લેક્સ (કાળાઓ) જ હોય છે. એમાં ઓસ્કાર નામક દ. આફ્રિકન ગોરા ખેલાડી દ્વારા આ જઘન્ય હત્યાકાંડ થયો અને પુરતા પુરાવાઓ હોવા છતાં એને હત્યાના આરોપમાંથી મુક્ત કરાયો, એને દ. આફ્રિકાના ન્યાયતંત્રની કસુવાવડ સમી ઘટના ગણતા આરોપો થયા. ન્યાયાધીશ નાણા લઈને ફૂટી ગયા છે. તેઓ મહિલા અને દ. આફ્રિકન બ્લેક હોઈ તેમનામાં ચૂકાદો આપવાની ક્ષમતા નથી - જેવો ગંભીર આરોપો સામાન્ય પ્રજાજનો, શિક્ષિત વર્ગો અને કહેવાતા બૌદ્ધિક વર્ગોએ ઉઠાવ્યા. ફેસબુક, વોટ્સ એપ, ઈ-મેઈલ, મેસેજીસ જેવા સોશ્યલ મિડિયામાં મહિલા ન્યાયાધીશ મસીપાની આકરી ટીકાઓ વહેતી થઈ. તેમાં આ ન્યાયાધીશ નાણાં લઈ રહ્યાં છે, તેવાં કાલ્પનિક ચિત્રો અને વીડિયો પણ વહેતાં કરાયાં. તેમના પર અંગત આક્ષેપો થયા અને ફોન પર તેમને ગંભીર ધમકીઓ પણ મળવા લાગી. આથી દ. આફ્રિકન સરકારે એમને વિશેષ પોલીસ રક્ષણ પુરું પાડ્યું.

અહીંના અખબારોમાં દિવસો સુધી સમાચારો, કોલમો, મંતવ્યો અને કટાક્ષચિત્રોમાં આ ચૂકાદો ચર્ચાતો રહ્યો. તેમાં લખાયું : '૩૭ સાક્ષીઓ અને અવાર-નવારની મુદતો પછી પણ અઠવાડિયામાં આવતો જોઈતો આ ચૂકાદો છ મહિના પછી આવ્યો છે... ટેલિવિઝન ચેનલોએ અગત્યના સમાચારો પડતા મૂકીને આ એક ચૂકાદો લાઈવ દર્શાવવાનું મુનાસિબ સમજ્યું છે... કાયદાના હજારો પંડિતોએ ચૂકાદામાં સમાવિષ્ટ અલ્પવિરામોની પણ ચર્ચા છોડી નથી !....ન્યાયાધીશે પોતે એવું નોંધ્યું છે કે 'બાથરૂમના બારણા પર એક નહિ પણ ચાર વાર ગોળીબાર કરવાથી અંદર રહેલું કોઈક મરી જાય તેમ છે, અને એ કોઈ ઘૂસણખોર નહિ પણ એની પ્રેમિકા રિવા પણ હોઈ શકે છે, તેનું ઓસ્કારે ધ્યાન રાખવું જોઈતું હતું, છતાં આ બનાવને નજરે જોનાર સાક્ષીઓના પુરતા પુરાવાના અભાવે, ઓસ્કારને હત્યાના ગુનામાંથી મુક્ત કરવામાં આવે છે.' હાઈકોર્ટ ન્યાયાધીશનું આ અવલોકન ખરેખર ન્યાયતંત્રની ક્ષતિ દર્શાવે છે... આ દુર્ઘટના નહિ પણ હત્યા જ છે, અને એ રીતે ચૂકાદો આવવો જોઈતો હતો.... ન્યાયાધીશ મસીપાએ એક જ ચૂકાદામાં એક તર્કના બે જુદા જુદા અર્થો લીધા છે...બાથરૂમના દરવાજાની સિમિત જગ્યા પર એક જ ઠેકાણે ઉપરાઉપરી ચાર ગોળીઓના નિશાન મળ્યાં છે તે દર્શાવે છે કે, અંદર જે કોઈ છે, તેને મારી નાખવાનો જ હત્યારાનો ઈરાદો હતો, પછી હત્યા માટે વધારે ક્યા પુરાવાની જરૂર પડતી હતી ? હત્યારાએ પોતાની હત્યા થશે એમ માની, સ્વબચાવમાં ગોળીઓ છોડી તેવી દલીલને સમર્થન શા માટે આપવામાં આવ્યું ?.....ન્યાયાધીશ મસીપાનો ચૂકાદો રાબેતા મુજબનો છે.... આ ચૂકાદાએ દ. આફ્રિકન સમાજના અધમતમ અને શ્રેષ્ઠતમ બેય પાસાંઓને ખુલ્લાં કર્યા છે... શું આ ન્યાય છે ? એવા પ્રજામતની અવગણના થઈ શકે તેમ નથી... ઓસ્કાર સામે હત્યાનો પ્રથમદર્શી ગુનો બને છે, તોય પગલાં ન લેવાયાં...' વગેરે વગેરે...

આટલું ઓછું હોય તેમ અહીંના અખબારોમાં આ મુદ્દે કાર્ટૂનિસ્ટો પણ ઝાલ્યા ન રહ્યાં. એકે આંખે પાટા બાંધેલી બ્લેક ન્યાયની દેવીને લોહીલુહાણ હાલતમાં મરેલી દર્શાવી, તેના પર "ન્યાયતંત્રની હત્યા" એમ લખ્યું. બીજાએ, ચારે તરફ દલીલો અને ઘાતક નિવેદનોમાંથી બચવા મથી રહેલા, આંખે પાટા બાંધેલા ન્યાયાધીશનું કટાક્ષચિત્ર દોર્યું. ત્રીજાએ, આરોપી ઓસ્કાર પર ન્યાયતંત્રનું દુરબીન માંડીને બેઠેલા ન્યાયાધીશની પાછળ એમના ટીકાકારો દૂરબીન માંડીને બેઠા હોય એવું ચિત્ર સર્જ્યું! ઉપર લખ્યું 'દોષિત' (જે સૂચકરૂપે પ્રજાજનો અને ન્યાયાધીશ બેઉ 'દોષિત' છે એમ દર્શાવતું હતું!) ચોથા કાર્ટૂનિસ્ટે આંખે પાટા બાંધેલી ન્યાયની દેવીના ત્રાજવામાં એક તરફ મસિપાનો ચૂકાદો છે અને બીજી તરફ પ્રજામતનું પોટલું છે. પલ્લું ચૂકાદા તરફ નમેલું છે. એમાં આક્ષેપોના મારાથી બચવા ન્યાયની દેવીના પૂતળા પાછળ સંતાયેલા ન્યાયાધીશને દર્શાવાયા છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# વિજયાને ઘરનું ઘર મળ્યું હતું ત્યારે તે રાજી રાજી થઇ ગયેલી, તે સ્વચ્છતામાં પ્રભુતા ગણતી, ઘર ચોખ્ખું ચણાક અને ઊડીને આંખે વળગે તેવું

## વિજયા
### આપણે છીએ તો પરીક્ષા છે

- નટવર આહલપરા

બહેન વિજયા, વિજયા અર્થાત્ પાર્વતી. ચારે દિશામાં વિજય મેળવનાર. વિદાય દયાળુ-માયાળુ, વાત્સલ્યનું ઝરણું. તેનો જન્મ ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકાના લીંબડા હનુભાના ગામમાં આજથી લગભગ બાસઠ વર્ષ પહેલાં થયો. માતા નર્મદાબેન અને પિતા પુરૂષોત્તમભાઇ.

ભણતર થોડું ગણતર વધુ. તેર વર્ષની રમવા-ખેલવાની ઉંમરમાં સમય-સંજોગોને આધીન વિજયાનાં લગ્ન થયાં. નોકરી ધંધા માટે બનેવી મોહનલાલને મુંબઇ જવું પડેલું. પતિ વિના સાસરવાસમાં વિજયા એકલી રહીને દૂધમાં સાકર ભળી જાય એમ ભળી ગયેલી.

'દીકરી પારકા ઘરે જ સારી', 'દીકરી તો પારકી થાપણ કહેવાય', 'દીકરી અને ગાય દોરે ત્યાં જાય' અને 'દીકરી એટલે સાપનો ભારો'. આવું સાંભળી વિજયાને દુઃખ થતું. તેથી તેને માતા પાસેથી સંસ્કારોનો અખૂટ ખજાનો મેળવેલો. બહેન વિજયાએ એમને ભાઇઓને હીંચકે ઝુલાવ્યા છે, હાલરડાં ગાયાં છે.

પંદર વર્ષની વયે સંજોગોનો આધીન પતિના બહારગામના વ્યવસાયને કારણે નાના એવા ગઢના ગામમાં અને અમદાવાદ જેવા મોટા શહેરમાં એકલા રહેવું પડેલું.

થોડા સમય પછી બાની સમજાવટથી બહેન વિજયાએ ભાવનગરમાં રહેવાનું શરૂ કર્યું. અમારું અને વિજયાનું ઘર એક જ પ્લોટમાં છે. પિસ્તાલીસ વર્ષ પહેલાં નિર્મળનગર વિસ્તાર સાવ ઉજ્જડ. ડાબી બાજુ મહાલક્ષ્મી મિલ અને જમણી બાજુ જહાંગીર મિલ હતી. રેલવે વર્કશોપ ત્રણ કિલોમીટર દૂર હોવા છતાં દેખાતું. આવી નિર્જન જગ્યામાં અમે અને બહેન વિજયાએ સગવડ મુજબ ઘરનું ઘર બનાવેલું. એ સમયે હું સાત-આઠ વર્ષનો હતો. આપને થતું હશે કે આ બધી બાબતોને અને વિજયાના પાત્રને અહીં શું લાગેવળગે?

વિજયાની ઘર પ્રત્યેની મમતા અને લાગણી કેવી હતી એ આજે મને સમજાય છે. ઘર તો ઘણાં લોકો બનાવતાં હોય છે પણ વિજયા કહેતી : 'ઘર બને છે માયા, દયા પ્રેમ, સ્નેહ, વાત્સલ્ય, સમજણ અને ત્યાગથી' અનેક સદ્‌ગુણો અને સંસ્કારો મેં તેમનામાં જોયા છે.

વિજયાને ઘરનું ઘર મળ્યું હતું ત્યારે તે રાજી રાજી થઇ ગયેલી. તે સ્વચ્છતામાં પ્રભુતા ગણતી. ઘર ચોખ્ખું ચણાક અને ઊડીને આંખે વળગે તેવું.

મોહનલાલ કુશળ કારીકર તેથી તેમની અને વિજયાની મહેનતથી એક સરસ ઘર બન્યું. આગળ મોટું ફળિયું. ફળિયાની ફરતે કાંટાની વાડ દીવાલ નહોતી.

પંદર વર્ષ પછી ફળિયા ફરતી દીવાલ થયેલી. એ પહેલા બહેન વિજયાએ હિંમતથી તેનાં સંતાનો અનિલ, હર્ષા અને રાજેશમાં સંસ્કારોનું સિંચન કરી ઊછેરેલાં.

મારા ભણતર-ગણતરમાં પણ બહેન વિજયાનો ફાળો નાનોસૂનો નહોતો. નાનપણમાં મારાથી ઘણી ભૂલો થઇ છે પરંતુ તેણે સહજભાવે માફ કરી દીધી છે.

વિજયાને વૃક્ષ તરફ ભારે પ્રેમ. તે વૃક્ષો જોઇને ખૂબ જ રાજી થઇ જતી. ફળિયામાં નજર ફેરવીએ તો તુલસીક્યારામાં ઊગેલા આઠ-દસ લીલાછમ તુલસીના છોડ દેખાય.

એક ખૂણે ઊંચી અને ઘેઘુર બદામડી તો બીજે ખૂણે જમરૂખડી. દીવાલે લીંબુડી અને ચીકુડી તો એવા ફૂલ્યા-ફાળ્યા છે કે, દૂરથી એની મીઠી સુવાસ માણી શકાય. સંન્યાસ આશ્રમના ગુરૂદેવ સ્વામી નિત્યાનંદજી મહારાજ અને બોટાદ પાસેના જમરાળા ગામના ફક્કડનાથ બાપાના આશ્રમમા મહંત બટુક સ્વામી જયારે વિજયાના ઘેર પધરામણી કરતા ત્યારે વિજયા જમરૂખડીનાં મીઠાં અને લાલ જામફળ, ગળ્યાં-ગળ્યાં સીતાફળ અને તેના ઉપર તુલસીપત્રો મૂકી ગુરૂદેવને ભેટ ધરતી.

વૃક્ષોના જનત માટે વિજયા પોતાના ઘરથી બે કિલોમીટર દૂર હાથમાં લોખંડની વજનદાર કોશ અને તગારા લઇ કાળી માટી લેવા જતી. માટી ભરેલાં તગારા માથા ઉપર મૂકી ઘેર લઇ આવે. ખામણાં ખાંપીને તેમાં કાળી માટી નાખી રોજ સવારસાંજ વૃક્ષોને નવડાવી પાણી પાતી.

વિજયાના વ્યક્તિત્વની સફળતાનું એક પાસું એટલે શિક્ષણપ્રેમ. તેણે ત્રણેય સંતાનોને તન, મન અને ધનથી ભણાવેલા.

મોટો દીકરો અનિલ અમદાવાદની પોલિટેકનિક કોલેજમાં અધ્યાપકનું પદ શોભાવે છે, જયારે નાનો દીકરો રાજેશ ભાવનગરમાં જ કન્સલ્ટિંગ સિવિલ એન્જિનિયર તરીકે નાની વયમાં જાણીતો બની ગયો છે.

દીકરી હર્ષાને અમદાવાદ પરણાવી છે અને તે પણ સુખી છે. વિજયાએ તેમનાં સંતાનોને સુંદર બોધપાઠ આપ્યો છે જે આજની નવી પેઢીને શીખવા જેવો છે. તેમણે શીખવ્યું છે : 'દુનિયામાં આપણી પાસેથી ભલેને બધું છીનવાઇ જાય પણ આપણાં જ્ઞાન અને સંસ્કાર કોઇ છીનવી શકતું નથી.'

તેની અગમબુદ્ધિ, કુટુંબપ્રેમ, શિક્ષણ પ્રત્યેનો લગાવ તો તેનો જ. નાનો દીકરો રાજેશ છઠ્ઠા ધોરણમાં ભણતો ત્યારે બહુ જ બીમાર થઇ ગયેલો. શાળાની વાર્ષિક પરીક્ષા આવી. રાજેશ શાળામાં પરીક્ષા આપવા જાય અને વિજયા બળબળતા બપોરે, ખરા તડકામાં રાજેશ માટે ટિફીન લઇને શાળાએ જાય. આવો હતો ભણતર પ્રત્યેનો તેનો પ્રેમ.

વિજયાએ અનિલ, હર્ષા અને રાજેશને જરાપણ ઓછું ન આવે તેમ ખોટ દેખાડ્યા વિના મોટાં કર્યાં.

વિજયા માનતી કે કરકસર બીજો ભાઇ છે. તેથી બચત અને કરકસર વિનાનું જીવન દુઃખને આમંત્રણ આપે છે, આવાં મિત્રોને વિજયાએ જીવનમાં યાદ રાખીને ઉકેલ્યા છે.

સંતાનોનાં ભણતર અને ગણતરમાં તેનો સિંહફાળો છે. તે સૌને સ્પષ્ટ રીતે સમજાવી કે, જીવનમાં કરકસર કરવામાં કોઇ નાનપ ન લાગવી જોઇએ. કરકસર એ લોભ નથી સદ્‌ગુણ છે.

તેના વ્યક્તિત્વમાં સોનામાં સુગંધ ભળે એવું એક લક્ષણ એટલે બારીક કલાકારીગરી. નાનપણથી જ કાપડ ઉપર આલેખન કરી ભરત ભરવાનો તેને બહુ જ શોખ. તે ગૌરવથી કહેતા : 'હું તો વિશ્વકર્મા દાદાની દીકરી. મારા લોહીમાં કળા-કારીગરી હોય જ, તેનો લાભ લઉં જ ને?'

ઓછાડ ઉપરનું સુંદર ભરતકામ, હવા ખાવાના ભરત ભરેલા કલાત્મક વીંઝણા, બાળકોના ઘોડિયાના લાલ, પીળા, લાલ અને વાદળી રંગોથી સજાવેલ ખોયાં, ઓશીકાંના કવર ઉપરનું ભરતકામ કેવું સરસ! વિજયા, રબારી, સાદું તેમ જ કાશ્મીરી, મોતીનું કે સૂયાથી ગૂંથવાનું ઉપરાંત ઊનનું ભરત સરસ રીતે ભરતી.

તે કહેતી કે, જીવનમાં ભણતરની સાથોસાથ ચિત્ર, સંગીત, ભરત અને કલાશિક્ષણ હોય તો જીવન નીરસ નહીં પણ ભર્યું ભર્યું લાગે, જીવનમાં ઉમંગ અને ઉત્સાહ જળવાઇ રહે.

તેનો કંઠ બહુ જ મીઠો. ગીતો, લોકગીતો, ભજનો, ધોળ મંગળ વગેરે તે લહેકાથી રજૂ કરીને ગાતી, દાદા નારણભાઇ અને નાના બેચરભાઇના આશીર્વાદ તેના ઉપર ઊતરેલા. તેને વાચનનો પર સારો એવો શોખ.

પ્રાર્થનાઓ, રામાયણ, ભગવદ્‌ગીતા, શ્લોક અને સ્તુતિઓ તો તેને કંઠસ્થ. તેને સામાજિક વાર્તાઓ વાંચવી બહુ ગમતી.

અમારા પ્રત્યે અપાર સ્નેહ, રક્ષાબંધન હોય કે ભાઇબીજ, બહુ ભાવથી અમને આશીર્વાદ આપતી અને જમાડતી. એ પવિત્ર પર્વોનાં સ્મરણો ક્યારેય ભુલાય તેમ નથી.

રક્ષાબંધનના શુભ દિવસે તેમના ચહેરા પર અપાર ખુશી જોવા મળતી. કોઇ લેવાની ઇચ્છા વિનાનો તેનો નિઃસ્વાર્થ ભાવ ખરેખર આદરણીય હતો.

આધુનિક જમાનાની સ્ત્રીઓ કે જે ભણીને ડોક્ટર કે એન્જિનિયર બને અને તેનાં વ્યવસાયમાં પ્રગતિ મેળવે તે જોઇને વિજયા રાજી થતી. તેને જેટલો ધર્મમાં રસ હતો તેટલો જ ટેકનોલોજીમાં અને વિજ્ઞાનમાં જ હતો.

'માણસ કેટલું જીવે છે એ મહત્ત્વનું નથી પણ કેવી રીતે જીવે છે એ મહત્ત્વનું છે.' આ પંક્તિને વિજયાએ પોતાના જીવનમાં સાર્થક કરી બતાવી હતી. તેમણે જીવનમાં સરવાળા કર્યા છે. મહેરામણનાં મોતી સમા આ શાલીન પાત્રને વંદન...

# મંદિરોનો વહીવટ સરકાર કરી શકે નહિ : સુપ્રિમ કોર્ટ
## બંધારણની કલમ ૨૬ ના ભંગ સમાન છે

જે દેશની સરકાર બિનસાંપ્રદાયી હોવાનો દાવો કરતી હોય તે મંદિરોનો વહીવટ કેવી રીતે કરી શકે તેવો સવાલ સુપ્રિમ કોર્ટે ઉઠાવી બંધારણની ૨૬મી કલમ મુજબ તમામ નાગરિકોને પોતાનો ધર્મ પાળવાની છૂટ આપી છે તેમ છતાં ધાર્મિક સ્થાનોમાં ગોલમાલોના આક્ષેત કરી હજારો મંદિરની મિલ્કતનો વહીવટ સરકારે પોતાના હસ્તક રાખ્યો છે જે ચર્ચ તથા મસ્જીદના કિસ્સામાં લાગુ પાડવામાં આવેલ નથી.

સુપ્રિમ કોર્ટના તાજેતરમાં ચુકાદા મુજબ કોઈપણ સરકાર ગેરવહીવટ સીવાય બીજા કોઈ કારણોસર કોઈ મંદિરનો વહીવટ પોતાના હાથમાં લઈ શકે નહિ સરકારે કોઈપણ મંદિરનો વહીવટ પોતાના હાથમાં લીધો હોય તો તે ટૂંક સમય માટે જ હોવો જોઈએ વહીવટ સુધારી મંદિર કમીટીને વહીવટ પરત સોંપવો જોઈએ.

સુપ્રિમ કોર્ટે આ ચુકાદો તામીલનાડુના પ્રખ્યાત નટરાજ મંદિરના કેસમાં આપેલ છે જે કેસ ડૉ. સુબ્રહ્મણમ સ્વામીએ ફાઈલ કર્યો હતો તામીલનાડુ સરકારે ૨૦૦૬ માં કાયદો કરીને મંદિરનો વહીવટ પોતાના હાથમાં લીધો હતો સુપ્રીમે સરકારને આ કાયદો ગેરબંધારણીય જાહેર કર્યો છે.

આપણી સરકાર દેશભરમાં ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્રમાં મોટા મોટા મંદિરોનો વહીવટ પોતાના હસ્તક રાખે છે સદર ચુકાદાથી આવા કિસ્સામાં અસરો ચોક્કસ વર્તાશે આ ચુકાદાનો ઉપયોગ કરી દેશભરના હિન્દુ તથા જૈન મંદિરો સરકારની ચુંગાલમાંથી છોડાથી મૂળ કમીટી તથા ટ્રસ્ટીઓને વહીવટ પરત સોંપવા ઝુંબેશ ચલાવવી જોઈએ. બ્રાહ્મણો, પૂજારીઓ તથા ગાદિપતિઓને પોતાના પરંપરાગત તથા વારસાઈ હક્કથી સરકાર વંચિત રાખી શકે નહિ તેવું આ ચુકદાથી સ્પષ્ટ થાય છે.

## વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com



તામીલનાડુમાં મંદિરોની મિલ્કતોની ભાડાની આવક ૩૦૪ કરોડ જેટલી છે જેની સામે સરકાર માંડ ૩૬ કરોડ તિજોરીમાં જમા કરવે છે બાકીના રૂપિયા મળતીયા ખાઈ જાય છે તેવું દરેક મંદિરની મિલ્કતો તથા આવકના હિસ્સામાં છે જે સરકાર ખર્ચ પણ કરતી નથી મંદિરની મિલ્કત તથા આવક મંદિરના વિકાસ તથા ધાર્મિક કાર્યોમાં વાપરવાના બદલે સરકારી કર્મચારીઓના પગાર ચુકવવામાં વખતોવખત વાપરે છે ગુજરાત સરકાર પણ ઘણીવાર અંબાજી ટ્રસ્ટમાંથી પગાર કરવા નાણા ઉપાડે છે પૂજારીના પગાર નહિવત જેટલા છે પૂજારીને ભકતો ભોગ ભેટ સોગાદ ચઢાવે તેની અમુક રકમ જ હિસ્સો આપવામાં આવે છે.

બિન સાંપ્રદાયકતા દેશમાં માત્ર મંદિરોનો જ વહીવટ સરકાર કરી શકે નહિ મંદિરના વહીવટનો હકક ભક્તો તથા શ્રદ્ધાળુઓનો છે સરકારને કરવાના બીજા ઘણા કામો છે તેમજ માત્ર હિન્દુ, જૈનોના મંદિરોનો જ વહીવટ શા માટે સરકાર લે છે ? કેમ મસ્જીદ કે ચર્ચનો વહીવટ પોતાની પાસે રાખતી નથી ? તેવો પક્ષ પ્રશ્ન સુપ્રિમ કોર્ટે સરકારને કરેલ છે.

અત્યાર સુધી સરકાર સામે કરેલ પીડીશનો સુપ્રિમના ચુકાદાના કારણે સરકાર તરફે આવતા મંદિરના વહીવટ કર્તા, પૂજારી, ગાદિપતિ, પીઠાધીશો ના હાથ હેઠા હતા હવે સદર ચુકાદાથી ફરીથી નવેસરથી એક સંપ થઈ સરકાર સામે લડત ચલાવે તો બંધારણની કલમ ૨૬ નો ભંગ કરતા બિનસાંપ્રદાયીક ભારતમાં માત્ર હિન્દુ સંપ્રદાયના જ મંદિરોનો વહીવટ સરકાર કરી શકે નહિ કાયદો દરેક ધર્મને સમાન લાગુ પડે છે માત્ર ગેરવહીવટના ઓથા હેઠળ કરોડોની મંદિરની મિલ્કતનો વહીવટ સરકાર કરી શકે નહિ.